આધુનિક કો-વર્કિંગ સુવિધા સાથે મુસાફરોના રાહ જોવાના અનુભવને એક નવું પરિમાણ મળ્યું

# શહેર રેલવે સ્ટેશન પર એરપોર્ટ જેવો અનુભવ પ્રદાન કરાવતા રાજ્યના પ્રથમ ડિજિટલ લાઉન્જનો પ્રારંભ

**મુસાફરો** હવે મીટિંગ, ચા, નાસ્તો અને આરામ જેવી બધી સુવિધાઓનો આનંદ એક જ જગ્યાએ માણી શકશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

મુસાફર સુવિધાઓ વધારવા માટે એક મહત્વપૂર્ણ પહેલમાં, પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગે વડોદરા રેલ્વે સ્ટેશન પર ડિજિટલ લાઉન્જ/કો-વર્કિંગ સ્પેસ વિકસાવ્યું છે, જેનો પ્રારંભ સાંસદ ડો. હેમાંગ જોશી અને ધારાસભ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ સુવિધા ગુજરાતના રેલ્વે સ્ટેશન પર તેના પ્રકારની પ્રથમ અને મુંબઈ સેન્ટ્રલ પછી ભારતીય રેલ્વેમાં બીજી છે. જે વડોદરા સ્ટેશનને આધુનિક મુસાફરોની સુવિધાઓના નવા સ્તરે લઈ જાય છે.

વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેએ જણાવ્યું હતું કે, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ, વડોદરા સ્ટેશનને વિશ્વ કક્ષાનું સ્ટેશન બનાવવા માટે સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે. સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો જાળવીને, તેને પશ્ચિમ રેલ્વેના સૌથી સ્વચ્છ સ્ટેશનોમાંનું એક બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ડિજિટલ લાઉન્જનું આયોજન એનએફઆર પહેલ હેઠળ કરવામાં આવ્યું છે, જે રેલ્વે બોર્ડના ચેરમેન અને સીઈઓના માર્ગદર્શન હેઠળ ઉત્તમ સ્વચ્છ સ્ટેશન અભિયાનને આગળ ધપાવશે. વડોદરાના વડના વૃક્ષની થીમ પર આધારિત, આ લાઉન્જ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે અને ઉત્તમ મુસાફરો સેવા પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. વડોદરા એક મુખ્ય વાણિજ્યિક, ઔદ્યોગિક અને વ્યવસાયિક કેન્દ્ર છે, તેમજ એકતાનગર અને અન્ય ધાર્મિક સ્થળોને કારણે એક મુખ્ય પ્રવાસન સ્થળ છે. આગામી 18 મહિનામાં, સ્ટેશન પર ઘણા પ્રોજેક્ટ્સ અમલમાં મૂકવામાં આવશે, જેમાં



ચાર નવા ફૂટ ઓવરબ્રિજ, સુધારેલ અપંગ સુવિધાઓ અને હાઈ-સ્પીડ ટ્રેન કનેક્ટિવિટીનો સમાવેશ થાય છે, જે મુસાફરોની સુવિધાઓમાં વધુ વધારો કરશે. આ ડિજિટલ લાઉન્જ આધુનિક મુસાફરી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યો છે, જેમાં હાઈ-સ્પીડ વાઈ-ફાઈ, વર્કસ્ટેશન, ચાર્જિંગ પોઈન્ટ, આરામદાયક બેઠક અને કોન્ફરન્સ સુવિધાઓનો સમાવેશ થાય છે. વધુમાં, મુસાફરોને પ્રિન્ટિંગ, સ્કેનિંગ, ફોટોકોપી, ચા, નાસ્તો અને પીણાંની પણ સુવિધા હશે. ટૂંકા ગાળાની બેઠક, કલાકદીઠ કાર્યસ્થળનો ઉપયોગ, વિસ્તૃત લાઉન્જ પેકેજો, મીટિંગ રૂમ બુકિંગ અને પે-પર-યુઝ સેવાઓ જેવી લવચીક ઉપયોગ યોજનાઓ મુસાફરો માટે ઉપલબ્ધ રહેશે. વધુમાં, આરામ વધારવા માટે લાઉન્જર, રિક્લાઈનર બેઠક પૂરી પાડવામાં આવે છે. આ ડિજિટલ લાઉન્જ 24x7 કાર્યરત રહેશે અને તેમાં રીઅલ-ટાઈમ ટ્રેન માહિતી ડિસ્પ્લે, સીસીટીવી સર્વેલન્સ, નિયંત્રિત પ્રવેશ, અપગ્રેડેડ શૌચાલય અને કેશલેસ ચુકવણી સિસ્ટમ હશે. સ્વચ્છતા, સલામતી અને પર્યાવરણીય ધોરણો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે વડોદરા રેલ્વે સ્ટેશન આજે વિકસિત વડોદરાથી વિકસિત ભારત પ્રતિબિંબિત કરે છે. એરપોર્ટ પર વીવીઆઈપી લાઉન્જની જેમ, હવે વડોદરા રેલ્વે સ્ટેશન પર પણ આવી જ સુવિધાઓ ઉપલબ્ધ છે. મુસાફરો હવે મીટિંગ, ચા, નાસ્તો અને આરામ જેવી બધી સુવિધાઓનો આનંદ એક જ જગ્યાએ માણી શકે છે. શાવર અને વોશરૂમ પણ ખૂબ જ સસ્તા દરે ઉપલબ્ધ છે. આ વડોદરા માટે એક મહત્વપૂર્ણ અને ગર્વજનક પગલું છે. આ પહેલ વડોદરા રેલ્વે સ્ટેશન પર આરામદાયક, આધુનિક અને ઉત્પાદક મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે અને પશ્ચિમ રેલ્વેની મુસાફરો-કેન્દ્રિત સેવાઓને નવી ઊંચાઈએ પહોંચાડશે.

વડોદરામાં ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાડતો કિસ્સો સામે આવ્યો

# પ્રતાપ ટોકીઝ રોડ પર પિતાએ બાળકને સ્ટેરિંગ સોંપ્યું, પાછળ બેસી જોખમી સવારી કરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.28

વડોદરામાં ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાડતો અને માનવ જિંદગીને જોખમમાં મૂકતો એક ચોંકાવનારો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા પ્રતાપ ટોકીઝ રોડ પર એક વાલીએ પોતાની અને માસૂમ બાળકની સાથે અન્ય રાહદારીઓના જીવ પણ જોખમમાં મૂક્યા હોવાનું સામે આવ્યું છે. વાયરલ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, એક ટુ-વ્હીલર પર એક નાનું બાળક સ્ટેરિંગ પકડીને વાહન ચલાવી રહ્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જે વાલીએ બાળકને સાચવવાનું હોય, તે પિતા આરામથી પાછળની સીટ પર બેઠા છે. વ્યસ્ત ટ્રાફિક વચ્ચે નાનું બાળક ગંભીરતા સમજ્યા વગર વાહન હંકારી રહ્યું છે.

આ વીડિયો વડોદરાના પ્રતાપ ટોકીઝ વિસ્તારનો હોવાનું જણાવાઈ રહ્યું છે, જે શહેરના ગીચ વિસ્તારોમાંનો એક છે. રસ્તા પર



વાહન ચલાવવા માટે ચોક્કસ ઉંમર અને લાયસન્સની જરૂર હોય છે, પરંતુ અહીં વાલીએ તમામ નિયમોને નેવે મૂકી દીધા છે. નાના બાળકના હાથમાં આટલું વજનદાર વાહન આપવું એ અકસ્માતને સીધું નિમંત્રણ છે. જો અચાનક બ્રેક મારવાની સ્થિતિ સર્જાય અથવા બાળક સંતુલન ગુમાવે, તો રસ્તા પર જઈ રહેલા અન્ય નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ પણ તેનો ભોગ બની શકે છે. અલ્પવયના બાળકને વાહન આપવું એ મોટર વ્હીકલ એક્ટ હેઠળ ગુનો બને છે, જેમાં વાલીને જેલ અથવા ભારે દંડની સજા થઈ શકે છે. બાળકોને વ્હાલ કરવું અલગ બાબત છે અને તેમને મોતના મુખમાં ધકેલવા એ અલગ. વાલીઓની આવી બેજવાબદારી કોઈનો હસતો-રમતો પરિવાર ઉજ્જડ કરી શકે છે.

આ ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જાગૃત નાગરિકોની માંગ છે કે પોલીસ સીસીટીવી કેમેરા અથવા વીડિયો ફૂટેજના આધારે આ વાહનચાલક સામે કડક કાર્યવાહી કરે, જેથી અન્ય વાલીઓ માટે આ એક બોધપાઠ બને. બાળકોને આવી છૂટ આપવાથી તેમનામાં નિયમો તોડવાની વૃત્તિ જાગે છે અને તે ભવિષ્યમાં વધુ જોખમી સાબિત થઈ શકે છે. વાલીઓએ સમજવું જોઈએ કે રોડ એ રેસિંગ ટ્રેક કે રમતનું મેદાન નથી. તમારી એક મિનિટની મજા, આખી જિંદગીની સજા બની શકે છે. ટ્રાફિકના નિયમોનું પાલન કરો અને તમારા બાળકનું ભવિષ્ય સુરક્ષિત કરો.

ખેતરમાં ઉભેલી કારમાં ‘બિનબુલાયા મહેમાન

# સ્કોર્પિયોના એન્જિનમાં એવો ફસાયો અજગર કે રેસ્ક્યુ ટીમ પર પરસેવે રેબઝેબ થઈ ગઈ!

**એન્જિનના** જટિલ ભાગોમાં ગૂંચળું વાળીને બેઠેલા 6 ફૂટના અજગરને પકડવા વરણામાંમાં હાઈ-વોલ્ટેજ ડ્રામા સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા નજીક આવેલા વરણામાં વિસ્તારના અણખી ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગામના એક ખેતરમાં પાર્ક કરેલી સ્કોર્પિયો કારના એન્જિનના ભાગે એક મહાકાય અજગર ઘૂસી જતાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, પ્રાણી પ્રેમી સંસ્થા દ્વારા સમયસર પહોંચીને અજગરનું સુરક્ષિત રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, અણખી ગામના એક ખેતરમાં સ્કોર્પિયો કાર ઉભી હતી. આ દરમિયાન કારના બોનેટમાં કંઈક હલચલ જણાતા તપાસ કરવામાં આવી હતી, જેમાં એક વિશાળ અજગર જોવા મળ્યો હતો. કારમાં અજગર હોવાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. આ અંગે તાત્કાલિક ‘શ્રી સાઈ દ્વારકામય ચેરિટેબલ ટ્રસ્ટ’ના જયેશભાઈને ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ સંસ્થાના આર્યનભાઈ



અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્કોર્પિયોના બોનેટના જટિલ ભાગોમાં ફસાયેલા અજગરને બહાર કાઢવો પડકારજનક હતો, પરંતુ ટીમે ભારે જહેમત બાદ આશરે 5 થી 6 ફૂટ લાંબા અજગરને સહી-સલામત રીતે બહાર કાઢ્યો હતો. રેસ્ક્યુ કરવામાં આવેલા અજગરને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડ્યા વગર સુરક્ષિત રીતે પકડી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ નિયમ અનુસાર વન વિભાગનો સંપર્ક કરી અજગર તેમને સોંપવામાં આવ્યો હતો, જ્યાંથી તેને કુદરતી આવાસમાં મુક્ત કરવામાં આવશે. કારમાંથી અજગર પકડાતા કાર માલિક અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ડ્રેસ-કોડમાં મહત્વપૂર્ણ છૂટછાટ, ગરમી વધતા વકીલોને કાળા કોટમાંથી રાહત

**1 એપ્રિલથી** 31 જુલાઈ સુધી કાળો કોટ ફરજીયાત નહીં, સફેદ શર્ટ સાથે લોગોવાળી ટાઈ જરૂરી

(પ્રતિનિધિ) વડોદરા તા.28

ઉનાળાની કડક ગરમીને ધ્યાનમાં રાખીને ધારાશાસ્ત્રીઓ માટે ડ્રેસ-કોડમાં મહત્વપૂર્ણ છૂટછાટ આપવામાં આવી છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમો મુજબ વકીલો માટે કાળો કોટ અને ટાઈ ફરજીયાત હોય છે, પરંતુ એપ્રિલથી જુલાઈ દરમિયાન કાળો કોટ પહેરવાથી અસહ્ય ગરમીનો સામનો કરવો પડતો હતો. અનેક વકીલો પરસેવાથી ત્રસ્ત બનતા તેમજ આરોગ્ય સંબંધિત સમસ્યાઓનો ભોગ બનવું પડે છે.

આ મુદ્દે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ તા.12-03-2009ના રોજ ખાસ કમિટી બનાવી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ડ્રેસ-કોડમાં ફેરફાર બાબતે પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ રજૂઆતને ધ્યાનમાં રાખીને તા. 18-03-2009ના રોજ ગુજરાત હાઈકોર્ટ દ્વારા નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું હતું.

આ નોટિફિકેશન મુજબ દર વર્ષે 1લી એપ્રિલથી 31મી જુલાઈ સુધી તાલુકા, જિલ્લા અને સેશન કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલોને કાળો કોટ પહેરવાની ફરજમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ સમયગાળામાં વકીલો માટે સફેદ શર્ટ સાથે સફેદ કોલર અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના લોગોવાળી ટાઈ પહેરવી ફરજીયાત રહેશે. અત્રે ઉલ્લેખનીય છેકે વડોદરા શહેરમાં છેલ્લા અનેક વર્ષોથી ગરમીનો પારો 44 ડિગ્રી સુધી પહોંચી જતાં શહેરીજનો ત્રાહિમામ પોકારી જાય છે.

ભૂતપૂર્વ પ્રમુખોનું સન્માન અને સાંજે પરિવાર સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ

# બરોડા ટેક્સ બાર એસોસિએશનના 75 વર્ષ નિમિત્તે ઈન્કમટેક્સ-GST પર વિશેષ સેમિનાર

**વાણિજ્ય** ભવન ખાતે સભ્યો અને વેપારી સમાજ માટે માર્ગદર્શન સત્રનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

બરોડા ટેક્સ બાર એસોસિએશનની સ્થાપના વર્ષ ૧૯૫૧માં સ્વ. ચંદ્રકાંત નગરશેઠ, સ્વ. મંગુભાઈ પી. શાહ, સ્વ. દાલિયા પટેલ તથા અન્ય આગેવાનો દ્વારા કરવામાં આવી હતી. હાલ એસોસિએશનમાં સી.એ., એડવોકેટ અને ટેક્સ પ્રેક્ટિશનર સહિત ૨૯૦થી વધુ સભ્યો કાર્યરત છે. સંસ્થા વર્ષોથી સભ્યો તથા વેપારી સમાજ માટે શૈક્ષણિક, આરોગ્યલક્ષી અને કાયદાકીય માર્ગદર્શન આપતા



સેમિનારો યોજતી આવી છે. અગાઉ સ્વ. મફતભાઈ તથા સ્વ. મનુભાઈ એસ. શાહના માર્ગદર્શન હેઠળ વિવિધ કાયદાકીય મૂંઝવણોના નિરાકરણ માટે મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી. ચાલુ વર્ષે પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, ઉપપ્રમુખ કલ્પેશભાઈ શાહ, મંત્રી રાજીવભાઈ શાહ, ખજાનચી પરિમલભાઈ શાહ તથા ૭૫ વર્ષીય ઉજવણીના ચેરમેન જનકભાઈ શાહ સાથે ભૂતપૂર્વ પ્રમુખ કે.બી. શાહ, રાજેશ શેઠ, નિરંજન વૈદ્ય અને લલિતભાઈ શાહ આયોજનમાં સક્રિય રહ્યા છે. તા. ૨૮-૦૩-૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યે વાણિજ્ય ભવન ખાતે સભ્યો તેમજ વેપારી આલમ માટે ઈન્કમટેક્સ અને જીએસટી કાયદા અંગે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નોન રેસિડેન્ટ ટેક્સેશન, જીએસટી અપીલ પ્રક્રિયા અને નવા કાયદાકીય સુધારાઓ અંગે એડવોકેટ સમીર સિદ્ધપુરીયા માર્ગદર્શન આપશે. કાર્યક્રમમાં એસજીએસટીના જોઈન્ટ કમિશનર મિલિંદ કાવટકર ગેસ્ટ ઓફ ઓનર તરીકે તથા સીઝીએસટીના પ્રિન્સિપલ કમિશનર એસ.સી. મનકોશકર મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

જ્યાં સ્વચ્છતાના પાઠ ભણાવવામાં આવે છે ત્યાંજ સ્વછતાનો અભાવ

# મોટીબાંડીબારનીપ્રાથમિકશાળાના સ્ટેજ પાસેજ ગંદકીનું સામ્રાજ્ય

**તાલુકાના** મામલતદાર સહિત ૧૩ જેટલા અલગ અલગ વિભાગના કર્મચારીઓ પણ હાજર હતા

(પ્રતિનિધિ) દાહોદ, તા.28

જ્યાં સ્વચ્છતાના પાઠ ભણાવવામાં આવે છે અને જ્યાં સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવે છે ત્યાજ સ્વચ્છતા નથી તો શાળામાં કેવું હશે? એ બાબત પણ વિચારવા કરવા લાયક છે. આજ શાળામાં થોડા દિવસો પેલા સેવાસેતુ કાર્યક્રમ હતો અને આજ સ્ટેજ ઉપરથી લીમખેડા તાલુકાના મામલતદાર સહિત ૧૩ જેટલા અલગ અલગ વિભાગ ના કર્મચારીઓ પણ હાજર હતા. છતાં પણ આ કચરો કોઈના ધ્યાન પર ન આવ્યો આટલા બધા ઝાડી ઝાખરા માં ઝેરી જંતુઓ પણ હોઈ શકે નાના નાના બાળકો જો ક્રિકેટ જેવી રમત રમતા હોય તો દડો પણ આ જગ્યામાં જાયતો લેવા જતા કોઈ ઝેરી જંતુ કરડવાનો પણ ભય જોવાઈ છે. અને ત્યા જ પંચાયત ની કચરા કલેક્શન રીક્ષા પણ ભંગાર હાલત માં જોવા મળી. સેવા સેતુના કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય વિભાગ ના કર્મચારીઓ પણ હાજર હતા તો શુ એમના દવારા પણ શાળા સંચાલકોને આ બાબત નું ધ્યાન ન દોરવામાં આવ્યું હોય. આટલું મોટું સ્ટેજ અને આ સ્ટેજ પર તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળતા લોકો ને આ ઝાડી ઝાખરા જોવાયા તો વહીવટી તંત્ર કેમ આ જોઈ સકતું નથી શુ શાળા કેમ્પસમાં આ યોગ્ય છે ખરું.

# એમએસયુ દ્વારા હોલિકાનું યાદગાર મંચન, ભ્રષ્ટ ન્યાયતંત્ર પરના ધારદાર રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના ડ્રામેટિક્સ વિભાગના 75 મા સ્થાપના વર્ષ અને ભારતીય રંગભૂમિના દિગ્ગજ પ્રોફેસર સી.સી. મહેતાની 125 મી જન્મજયંતીની ભવ્ય ઉજવણીના ભાગરૂપે તેમના અમર નાટક હોહોલિકાની અત્યંત શાનદાર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ડ્રામેટિક્સ વિભાગના વડા દર્શન સતીશચંદ્ર પુરોહિતના કુશળ દિગ્દર્શન હેઠળ ભજવાયેલા આ નાટક પ્રસંગે જાણીતા નાટ્યવિદ મહેશ ચંપકલાલ શાહે સી.સી. મહેતાના પ્રદાન અને નાટકની પ્રાયોગિક શૈલી વિશે ઊંડાણપૂર્વક પ્રકાશ પાડ્યો હતો. 1901માં જન્મેલા સી.સી. મહેતાની આ 125મી જન્મજયંતીનું વર્ષ છે



અને આ અવસરે તેમના સૌથી વધુ ભજવાયેલા નાટક હોહોલિકાનું મંચન એ જ તેમને સાચી અંજલિ છે. તેમણે યાદ કર્યું કે 1957માં આ નાટક રાષ્ટ્ર કક્ષાના યુથ ફેસ્ટિવલમાં પ્રથમ આવ્યું હતું. આ નાટક સાથે ભારતીય રંગભૂમિના અનેક દિગ્ગજોના નામ જોડાયેલા છે. ચંદ્રવદન મહેતા તેઓ પોતે આ નાટકમાં કાજીજીનો રોલ અદભુત રીતે ભજવતા. લેખક હોવાની સાથે તેઓ એક શ્રેષ્ઠ અભિનેતા પણ હતા. આ નાટકમાં એપિસોડિક સંરચનાનો ઉપયોગ કર્યો છે. મંચ પર કોઈ મોટો સેટ નથી, માત્ર એક ખુરશી જ 'ન્યાયાસન' તરીકે વપરાય છે. આ શૈલી દર્શાવે છે કે કલાકારનો અભિનય જ મંચને જીવંત કરી શકે છે. પરંપરાગત ભવાઈના ધાર્મિક માળખાને બદલે 'રંગ અચ્છવ' શબ્દ વાપરીને તેને સામાજિક કટાક્ષ તરફ વાળ્યું છે. તા થઈયા થઈયા તા થઈ' ના બોલ સાથે પ્રેક્ષકો સાથે સીધો સંવાદ સાધીને આ નાટક થિયેટર ઓફ ધ એપસર્ડ અને ભવાઈનું અદભુત મિશ્રણ પૂરું પાડે છે. નાટકની વાર્તા 'છેલાભાઈ' નામના પાત્રની આસપાસ ફરે છે, જે અકસ્માતે ત્રણ વિચિત્ર ગુનાઓમાં ફસાય છે. કાજીજીની કચેરીમાં જ્યારે કેસ પહોંચે છે, ત્યારે છેલો રેશમી રૂમાલમાં પથરા બાંધીને એવો આભાસ ઊભો કરે છે કે તેની પાસે સોનામહોરોની થેલી છે.

# બ્યુટી પાર્લર સંચાલિકા પર દુષ્કર્મ ગુજારનાર ડોક્ટરની શોધખોળ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતી બ્યુટી પાર્લર સંચાલક યુવતી સાથે દુષ્કર્મની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બનાવ બાદ આરોપી ફરાર થઈ ગયો હોય પોલીસ તંત્ર સતર્ક બની ગયું છે અને તેની શોધખોળ માટે અલગ અલગ ટીમો રચી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ આરોપી યુવતીને વિવિધ હોટલ તેમજ ભાડાના રૂમોમાં લઈ ગયો હતો, જેને આધારે પોલીસે તે તમામ સ્થળોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય પુરાવાઓના આધારે આરોપી સુધી પહોંચવાના પ્રયાસો તેજ બનાવવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આરોપી ટૂંક સમયમાં જ કાબૂમાં આવી જશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઘટનાને લઈ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

તસ્કરોએ લોક તોડી આઈસર લઈ પલાયન

# મહુધામાં ઘર પાસે પાર્ક કરેલી 27 લાખની આઈસરની ઉઠાંતરી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.28

ખેડા જિલ્લાના મહુધામાં તસ્કરો ફરી સક્રિય થયા હોય તેમ ઘર પાસે પાર્ક કરેલી લાખોની કિંમતની આઈસર ગાડીની ચોરી થતા પંથકમાં ચકચાર મચી છે. મહુધા-કઠલાલ રોડ પર આવેલા ખ્રિસ્તી ફળીયાના ગરનાળા પાસે ડ્રાઈવરે પોતાની ગાડી લોક મારીને પાર્ક કરી હતી, જેને કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. આ મામલે વાહનના ચાલકે મહુધા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાની વિગતો મુજબ મહુધામાં ચોખંડી ભાગોળ પુરા વિસ્તારમાં રહેતા આરીફહુસેન મુસ્તુફામીયા મલેક ડ્રાઈવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ છેલ્લા 7 વર્ષથી નડિયાદના ફેઝાન અબ્દુલરઝાક ઘેલાનાની આઈસર ગાડી નંબર GJ 07 TU 6543 પર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ગત તારીખ 24/03/2026 ના રોજ તેઓ નડિયાદથી શાકભાજી ભરી ઉદેપુર રાજસ્થાન ટ્રીપ મારવા ગયા હતા અને ત્યાંથી પરત ફરી તારીખ 25/03/2026 ના રોજ સાંજે 4 વાગ્યે મહુધા આવ્યા હતા. તેમણે આ વાહન ખ્રિસ્તી ફળીયાના ગરનાળા પાસે પાર્ક કર્યું હતું અને ઘરે સુવા ગયા હતા. ત્યારબાદ બીજે દિવસે બપોરે 12 વાગ્યે જ્યારે તેઓ નવી ટ્રીપ માટે ગાડી પાસે પહોંચ્યા ત્યારે ત્યાંથી વાહન ગાયબ જોવા મળ્યું હતું. ગાડી ચોરાઈ હોવાની જાણ થતા ડ્રાઈવરે તાત્કાલિક ગાડીના માલિકને જાણ કરી હતી અને આસપાસના વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી.

ઓનલાઈન નોંધણી નહીં કરાવનારા ભક્તોને પોલીસ તંત્ર અટકાવતા બબાલ

# ભક્તોને નર્મદા પરિક્રમા માટે પણ ધરણા પ્રદર્શન કરવું પડે એ સારૂં ન કહેવાય

**નર્મદા** પંચકોશી પરિક્રમામાં ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયાથી તિલકવાડા ખાતે યાત્રાળુઓ ગરમાયા

**ગ્રામીણ** નાગરિકો ઓનલાઈન નોંધણી પ્રક્રિયા સમજી શકતા નથી

(પ્રતિનિધિ) ભરૂચ, તા.28

નર્મદા પંચકોશી પરિક્રમા ચાલી રહી છે. પરંતુ તાજેતરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઓનલાઈન નોંધણીનો નવો નિયમ અમલમાં મુકાતા ભક્તોમાં નિરાશા જોવા મળી રહી છે. પરિક્રમા રૂટ પર તિલકવાડા ખાતે આવેલા પ્રસિદ્ધ મણીનાગેશ્વર મંદિરમાં ચાલતા 24 કલાકના ભંડારામાં સેવા આપવા જઈ રહેલા સ્વયંસેવકોને રજિસ્ટ્રેશન ન હોવાને કારણે રોકવામાં આવતા મામલો ગરમાયો હતો.

નર્મદા રૂટ પર વધતી જતી ભીડને કારણે આયોજન સુવ્યવસ્થિત કરવાના ભાગરૂપે તંત્રએ પરીક્રમા અંગે ઓનલાઈન નોંધણી કરાવ્યા બાદ જ પરિક્રમા કરવા માટેનો નિયમ બનાવ્યો છે, જેનાથી ભક્તોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. નર્મદા પરિક્રમા જેવી પરંપરાગત યાત્રામાં ઓનલાઈન નોંધણી ફરજિયાત કરવાથી ગ્રામ્ય વિસ્તારના પરિક્રમાર્થીઓ માટે નવી સમસ્યા ઊભી થઈ છે. ઘણા ગ્રામીણ



નાગરિકો ઓનલાઈન નોંધણી પ્રક્રિયા સમજી શકતા નથી. વૃદ્ધો, મહિલાઓ અને મોટાભાગનાઓ પાસે સ્માર્ટફોન નથી હોતા અને હોય તો પણ નેટવર્ક કનેક્ટિવિટીના અભાવે તેઓ ઈન્ટરનેટ સુવિધા યોગ્ય રીતે મેળવી નથી શકતા. પરિણામે, યાત્રાળુઓની સંખ્યા પર અસર પડી રહી છે અને રસ્તામાં પૂછપરછ થવાથી તેમની આસ્થાને પણ ઠેસ પહોંચે છે.

શ્રદ્ધાળુઓનું માનવું છે કે જ્યારે કુંભમેળા જેવા વિશાળ ધાર્મિક આયોજનોમાં કરોડો લોકો એકત્ર થાય છે અને ત્યાં નોંધણી ફરજિયાત હોતી નથી, ત્યારે નર્મદા પરિક્રમા જેવી શાંતિપૂર્ણ અને પરંપરાગત યાત્રામાં આ નિયમ અયોગ્ય અને અવ્યવહારૂ લાગી રહ્યો છે. આ ઉપરાંત, સેવાભાવી સંસ્થાઓના સભ્યો કે જેઓ દરરોજ ભંડારા કે અન્ય સેવાકીય પ્રવૃત્તિ માટે પરિક્રમા રૂટ પર જાય છે, તેમના માટે રોજિંદુ રજિસ્ટ્રેશન કરાવવું કઠિન બને છે. આથી, શ્રદ્ધાળુઓ અને સેવાભાવી સંસ્થાઓએ જિલ્લા વહીવટી તંત્રને નમ્ર વિનંતી કરી છે કે આવા કાયમી સ્વયંસેવકોને ખાસ ઓળખપત્ર બનાવી આપવામાં આવે અને ભક્તો માટે નોંધણી પ્રક્રિયામાં યોગ્ય છૂટછાટ કે સરળ વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવે, જેથી પરિક્રમાની કામગીરી વિના અવરોધે અને શ્રદ્ધાપૂર્વક ચાલુ રહી શકે.

વિશ્વકલ્યાણ માટે યોજાશે મહા અનુષ્ઠાન

# વડોદરાના આંગણે ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ, 381 દિવસ સુધી ગુંજશે ચતુર્વેદનો મંગલનાદ

**જગદગુરુ** શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજીના આશીર્વાદથી શ્રી મહારુદ્ર મારુતી સંસ્થાન’નો ભગીરથ સંકલ્પ

(પ્રતિનિધિ) વડોદરા. તા.28

ભારતીય સંસ્કૃતિના પ્રાણ સમાન વેદોનું જ્ઞાન અને તેની દિવ્ય ઊર્જા જ્યારે લોકકલ્યાણ માટે પ્રગટ થાય છે, ત્યારે તે રાષ્ટ્રના ચૈતન્યને જાગ્રત કરે છે. વડોદરાની પવિત્ર ધરા પર આ જ ઉમદા હેતુ સાથે એક ઐતિહાસિક ઘટના આકાર લેવા જઈ રહી છે. આગામી દિવસોમાં વડોદરામાં 381 દિવસીય ચતુર્વેદ મહા અનુષ્ઠાનનો મંગલ પ્રારંભ થશે. આ અનુષ્ઠાન માત્ર એક ધાર્મિક આયોજન નથી, પરંતુ તે ભારતની પ્રાચીન વૈદિક પરંપરા, વૈશ્વિક વિજ્ઞાન અને આધ્યાત્મિક ચેતનાના સંગમરૂપ એક મહાકુંભ સમાન છે. આ ભગીરથ અને અવિરત ચાલનારા વૈદિક સંકલ્પને અનંત દિવ્યતા અને પ્રેરણા મળી છે પૂજ્ય અનંત વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધિશ્વર, જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજના પવિત્ર આશીર્વાદથી.

તેમના માર્ગદર્શન હેઠળ વડોદરાનું ‘શ્રી મહારુદ્ર મારુતી સંસ્થાન’ આ પવિત્ર કાર્યને સાકાર કરવા કટિબદ્ધ બન્યું છે. સંસ્થાન દ્વારા વર્ષોથી વેદ જતન અને સંસ્કૃતિના સંવર્ધન માટે કરવામાં આવતા સેવાકાર્યોમાં આ અનુષ્ઠાન એક નવું શિખર સર કરશે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આયોજકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વેદ એ માત્ર મંત્રો કે શ્લોકોનો સંગ્રહ નથી, પરંતુ તે બ્રહ્માંડના રહસ્યોને સમજવાનું વિજ્ઞાન છે. આ 381 દિવસ દરમિયાન ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના મંત્રોનું પઠન કરવામાં આવશે. વેદ પઠનની સૌથી જટિલ અને પ્રભાવશાળી ‘ઘન પાઠ’ પદ્ધતિ દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવશે. આ પદ્ધતિથી ઉત્પન્ન થતા ધ્વનિ તરંગો વાતાવરણમાં શુદ્ધિ અને સકારાત્મકતા ફેલાવે છે. આ મહોત્સવ દ્વારા સાબિત કરવામાં આવશે કે પ્રાચીન ઋષિ-મુનિઓએ આપેલું જ્ઞાન આજના આધુનિક વિજ્ઞાન સાથે કેટલું સુસંગત છે. ક્વોન્ટમ ફિઝિક્સથી લઈને સાઉન્ડ થેરાપી સુધીના પાસાઓ વેદમાં સમાયેલા છે.

આ અનુષ્ઠાનનો અંતિમ લક્ષ્ય માત્ર વ્યક્તિગત શાંતિ નહીં, પરંતુ વૈશ્વિક કલ્યાણ, પર્યાવરણ શુદ્ધિ અને માનવ ચેતનાનો ઉદ્ધાર છે.